શ્રી કોટયર્ક પ્રસન્નોસ્તુ

# શ્રી સમસ્ત ખડાયતા સુરક્ષા ટ્રસ્ટ

**ખડાયતા પરિષદ પ્રેરીત** • (Estd. 17-12-2001 Bharuch)
C/o. Shreeji Hospital, Opp. Brij Nagar, Station Road, Ankleshwar-393 001

**ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર : A-1828 તા. ૧૭-૧-૨૦૦૧**
**સ્કીમ અરજી નંબર : ૬/૨૦૦૪ તા. ૨૨-૧૨-૨૦૦૪**
(ભરૂચ ન્યાયક્ષેત્રને આધિન)

તા.૦૧/૦૧/૨૦૦૫

માનનીય સભ્યશ્રી,

૧૬મી ખડાયતા પરિષદ ભરૂચમાં; તા.૧૭/૧૨/૨૦૦૧ ના રોજ ઠરાવ સ્વરૂપે સ્વીકાર કરવામાં આવેલ સુરક્ષા યોજનામાં ત્યારથી આજ દિન સુધીની મંજિલ સુધી પહોંચવામાં, અમારી સાથે રહેવા માટે; અમે આપ સૌને અભિનંદન આપીએ છીએ અને આભાર વ્યક્ત કરીએ છીએ.

યોજનાની પ્રારંભિક બંધારણીય અને વહીવટી મુશ્કેલીઓ જોતા, બંધારણમાં સુધારા-વધારા જરૂરી લાગ્યા. વહીવટી અને કાયદાકિય ઔપચારિકતાઓ અનુસાર, સુધારેલા બંધારણને, ચેરિટિ કમિશ્નરશ્રીની મંજૂરી બાદ આ સાથે મોકલવામાં આવેલ છે. ઉપરાંત, તા.૩૧/૧૨/૨૦૦૪ સુધીના સુધારા-વધારા સહિતના પેટાનિયમો પણ, સામેલ કરેલ છે. પેટાનિયમોના સુધારા-વધારા, વખતોવખત DFC નોટિસ સાથેના પત્રમાં મોકલવામાં આવશે તે જાણશો.

આ તમામ પ્રક્રિયાઓમાં, સૌ સભ્યો, કારોબારી સભ્યો તથા ટ્રસ્ટીમંડળના અમારા સાથીઓનો અનન્ય સાથ સહકાર મળેલો છે, જેના કારણે ટ્રસ્ટ અને સુરક્ષા યોજના, સૌના વિશ્વાસ અને શ્રધ્ધાનું પ્રતિક બની રહ્યા છે. સભ્યોની અધિક સુરક્ષા અને સેવા માટે, ટ્રસ્ટી મંડળ સતત ચિંતિંત અને કાર્યશીલ છે, ટ્રસ્ટના અને આપના ભવિષ્યને સુચારૂ, સુદૃઢ બનાવવાના સન્નિષ્ઠ પ્રયાસો અવિરત ચાલતા જ રહેશે.

શ્રી કોટયર્ક પ્રભુ, આપ સૌને દીર્ધકાલિન શારીરિક, આર્થિક, અને સામાજિક સ્વસ્થતા અર્પે, તેવી પ્રાર્થના.

ડૉ. નરેશ એમ. શાહ
મંત્રીશ્રી

શ્રી મહેન્દ્રભાઈ પી. શાહ
પ્રમુખશ્રી

# શ્રી સમસ્ત ખડાયતા સુરક્ષા ટ્રસ્ટ

## ઉદ્‌ગમથી આજ દિન સુધીની યાત્રા

**તા. ૧૪/૧૦/૨૦૦૧:-** ભરૂચનાં નિલકંઠ મહાદેવ મંદીર ઝાડેશ્વર ખાતે વિચાર વિનીમય સભામાં ડૉ.નરેશ એમ. શાહે સામાજીક સુરક્ષા અંગેનો વિચાર વહેતો મુક્યો.

**તા. ૨૩/૧૧/૨૦૦૧:-** ૧૬મી ખડાયતા પરીષદનાં મંડપ મુહુર્તનાં અગાઉનાં દિવસે મહાનુભાવો શ્રી જયંતીલાલ કાચવાળા અને શ્રી તુલસીદાસ ભાઇએ આવી યોજના માત્ર દક્ષિણ ગુજરાત માટે મર્યાદિત ન રાખતાં સમગ્ર ખડાયતા જ્ઞાતિ માટે આયોજીત કરવાની દરખાસ્ત મુકી; જે સ્વીકારવામાં આવી.

**તા. ૨૫/૧૧/૨૦૦૧:-** હોટલ શાલીમાર ખાતે ૧૬મી ખડાયતા પરિષદનાં સ્વાગત પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ પી. શાહના પ્રમુખ સ્થાને આ યોજના અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. હાજર રહેલ ભરૂચ, અંકલેશ્વર, વડોદરા, સુરતનાં મિત્રોએ પરિષદમાં ઠરાવ મુકવાનું નક્કી કર્યુ.

**તા. ૧૬/૧૨/૨૦૦૧:-** ૧૬મી ખડાયતા પરીષદમાં ભરૂચ મુકામે શ્રી સમસ્ત ખડાયતા સુરક્ષા યોજનાનો ઠરાવ ડૉ.નરેશ એમ. શાહે મુક્યો. જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.(ઠરાવ નં.૩)

**તા. ૨૭/૧૨/૨૦૦૧:-** શ્રી જયેશભાઇ બી. શાહનાં નિવાસ સ્થાને બંધારણ અંગેની ચર્ચા થઇ અને ટ્રસ્ટી મંડળનું ગઠન કરવામાં આવ્યુ.

**તા. ૧૭/૦૧/૨૦૦૨:-** ટ્રસ્ટનું બંધારણ ભરૂચ ચેરીટી કમીશ્નરશ્રીની કચેરીમાં જમા કરાવવામાં આવ્યુ અને ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ.

**તા. ૨૦/૦૧/૨૦૦૨:-** ભરૂચ-અંકલેશ્વરના ૫૦ ઉપરાંત સ્વયં સેવકોએ ગુજરાત તથા મહારાષ્ટ્રના વિવિધ ગામડાઓ અને શહેરોમાં મીટીંગો કરી આ યોજના અંગેની માહીતી આપવા અને ફોર્મ વિતરણ અંગે ગયા. ત્યાં ઘણો સારો પ્રતિસાદ મળ્યો.

**તા. ૨૪/૦૧/૨૦૦૨:-** યોજનાના અમલીકરણની વ્યવસ્થાને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું.

**તા. ૧૧/૦૨/૨૦૦૨:-** પ્રથમ ટ્રસ્ટી મિટિંગ, જેમાં ૪૧ થી ૬૫ વર્ષની ઉંમરના વિધવા બહેનોને તા.૩૧/૦૩/૨૦૦૩ સુધી સભ્યપદ આપવાનો નિર્ણય લેવાયો.

**તા. ૧૫/૦૩/૨૦૦૨:-** ટ્રસ્ટીશ્રી મનીષભાઇ બી. શાહની ઓફીસે કોમ્પ્યુટર પર ડેટા એન્ટ્રી શરૂ કરવામાં આવી.

**તા. ૨૪/૦૩/૨૦૦૨:-** રાજ્યની અશાંત પરિસ્થિતિના સંદર્ભમાં સ્થાપક સભ્ય બનાવવા માટેની સમય મર્યાદા તા.૩૦/૦૪/૨૦૦૨ સુધી લંબાવવામાં આવી.

તા. ૩૧/૦૩/૨૦૦૨:- ૨૬૩૬ સભ્યો બનાવવામાં આવ્યા.

તા. ૨૧/૦૪/૨૦૦૨:- પ્રથમ સર્ટીફીકેટના લોટનું ડીસ્પેચ કરવામાં આવ્યુ.

તા. ૨૪/૦૪/૨૦૦૨:- પ્રથમ બે ડેથ ક્લેઇમનું ચુકવણુ કરવામાં આવ્યુ.

તા. ૨૮/૦૪/૨૦૦૨:- મહીડા ભવન, સુરત ખાતે, ખડાયતા પરિષદની વાર્ષિક બેઠક દરમ્યાન, બોલાવેલી તાત્કાલિક ટ્રસ્ટી મિટિંગમાં, સ્થાપક સભ્યપદ માટેની સમય મર્યાદા નહી લંબાવવાનો નિર્ણય લેવાયો પરંતુ યોગ્ય રીતે ભરાયેલ ફોર્મ સ્વીકારવાની મુદત તા.૧૫/૦૫/૨૦૦૨ સુધી લંબાવવામાં આવી.

તા. ૩૦/૦૪/૨૦૦૨:- ૫૮૪૦ સભ્યો બનાવવામાં આવ્યા. છેલ્લા ત્રણ દિવસમાં આશરે ૩૦૦૦ સભ્યપદ અંગે અરજીઓ મળી. છેલ્લો SKS No. ૦૮૪૭૬

તા. ૦૧/૦૬/૨૦૦૨:- જી-૪૨, રવિકોમ્પલેક્ષ, અંકલેશ્વર ખાતે ટ્રસ્ટની ઓફીસ શરૂ કરવામાં આવી.

તા. ૦૨/૦૬/૨૦૦૨:- ગામે ગામ જઇને ૮૦૦૦ ઉપરાંત ફોર્મનું વિતરણ અને તેની સફળતા પૂર્વકની ચકાસણી કરવા માટે, સ્થાનીક સ્વયં સેવકો(અંકલેશ્વર અને ભરૂચ)નુ અભિવાદન કરવામાં આવ્યુ.

તા. ૧૬/૦૬/૨૦૦૨:- ટ્રસ્ટની પ્રથમ વાર્ષિક સામાન્ય સભામાં, ટ્રસ્ટના બંધારણ અને પેટા કાયદાઓમાં જરૂરી લાગે તેવા સુધારાઓ રજૂ કરી, સામાન્ય સભાની મંજૂરી માંગાવાનો નિર્ણય લેવાયો. તથા સભ્યસંખ્યાને આધારે, સભ્યો પર DFC નો બોજ વધારે ન રહે, તે માટે DFC ની રકમ રૂા.૪૦ થી ઘટાડીને રૂા.૨૫ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. તથા AGM માં પસાર થતા સુધારાઓનો અમલ તા. ૦૧/૦૫/૨૦૦૨ થી કરવાનો નિર્ણય લેવાયો.

તા. ૨૧/૦૭/૨૦૦૨:- **પ્રથમ વાર્ષિક સામાન્ય સભા**

AGM ના સુચિત સુધારાઓ પછી પણ સુધારા કરવા પડે તેમ હોવાથી, સમગ્ર સુધારાઓ એક સાથે કરી શકાય તે માટે ઉપપ્રમુખ શ્રી ગીરીશભાઇ એન. શાહ ની ચેરમેનશીપ હેઠળ, બંધારણ સમિતિની રચના કરવામાં આવી. પુરૂષ સભ્યના મૃત્યુ બાદ પત્ની જો સભ્ય ન હોય અને જો તે રૂા.૪૦૦૦૦/- કૉપર્સ ફંડમાં જમા કરાવે તો, તેમને ઉંમરના નિયમોને આધીન પ્રવેશ આપવો. આ કલમ તા.૩૦/૧૧/૨૦૦૨ સુધીજ અમલમાં રાખવી તેમ ઠરાવ્યુ.

તા. ૨૨/૦૮/૨૦૦૨:- બંધારણ સમિતિના અહેવાલની ચર્ચા વિચારણા બાદ, તેને મંજૂરી માટે EGM માં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો.

તા. ૧૭/૧૧/૨૦૦૨:- DFC ભરવા માટેની અંતિમ સમય-મર્યાદા અને લેટ ફી ના માળખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું.

તા. ૦૧/૦૧/૨૦૦૩:- ૫૪૮ નવા સભ્યો બનાવવામાં આવ્યા. છેલ્લો SKS No. ૦૯૦૨૬

તા. ૧૬/૦૨/૨૦૦૩:- **EGM (અસાધારણ સામાન્ય સભા)** બંધારણના સુચિત સુધારાઓને કેટલાક નવા સુધારાઓ સાથે મંજૂર

| | |
|---|---|
| | કરી; આખરી સ્વરૂપ આપવામાં આવ્યું. બંધારણ તેમજ યોજનાકીય પેટાનિયમો અલગ કરવામાં આવ્યા. |
| તા. ૧૫/૦૫/૨૦૦૩:- | ટ્રસ્ટના રેકોર્ડની ડેટા એન્ટ્રી સોફ્ટવેરની અંદર શરૂ કરવામાં આવી. |
| તા. ૦૬/૦૪/૨૦૦૩:- | ડી-૨, રવિરાજ એપાર્ટમેન્ટ, અંકલેશ્વર ખાતે ઓફીસનું સ્થળાંતર કરવામાં આવ્યુ. |
| તા. ૨૮/૦૬/૨૦૦૩:- | વર્ષ ૨૦૦૪-૨૦૦૫ થી ૫૫ થી ૬૦ વર્ષની વ્યક્તિઓને સભ્યપદ ન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. રાજ્યોનાં શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી; ધો.૧૦ અને ધો.૧૨ ની પરીક્ષામાં, ટ્રસ્ટનાં સભ્યોના બાળકોમાંથી, ટ્રસ્ટને મળેલ અરજીઓમાંથી; પ્રથમ અને દ્વિતિય આવનારને પ્રોત્સાહન આપવાનો નિર્ણય લેવામાં આવ્યા. |
| તા. ૨૪/૦૮/૨૦૦૩:- | ટ્રસ્ટના હિસાબો અને સંચાલન માટે ત્રિમાસીક આંતરિક અન્વેષણ (Internal Auditing) કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ માટે ટ્રસ્ટીશ્રી અશોક પરીખની માનદ્ સેવાઓ લેવાનું ઠરાવ્યું. હાલની ADFC ની રકમ રૂ.૧૦૦૦/- થી વધારીને રૂ.૧૨૫૦/- કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. |
| તા. ૨૧/૦૯/૨૦૦૩:- | <u>દ્વિતિય વાર્ષિક સામાન્ય સભા</u><br>Postage ખર્ચ મર્યાદિત કરવા, વર્ષ ૨૦૦૩-૦૪ થી તૃતિય વાર્ષિક સામાન્ય સભાની નોટિસ તથા વાર્ષિક અહેવાલ, સભ્યને વ્યક્તિગત ન મોકલતા ખડાયતા જ્યોતિ અને ખડાયતા યુવકમાં આપવાનો નિર્ણય લેવાયો. |
| તા. ૦૧/૦૧/૨૦૦૪:- | ૧૦૭૫ નવા સભ્યો બનાવવામાં આવ્યા. છેલ્લો SKS No. ૧૦૧૦૧ |
| તા. ૧૫/૦૪/૨૦૦૪:- | ટ્રસ્ટનાં બંધારણનાં સુધારા અંગેની સ્કીમ અરજી સુરત ચેરીટી કમીશ્નરશ્રીની કચેરીમા દાખલ કરવામાં આવી. |
| તા. ૧૮/૦૭/૨૦૦૪:- | <u>તૃતિય વાર્ષિક સામાન્ય સભા</u><br>વર્ષ ૨૦૦૫-૦૬ તથા ત્યાર પછીના વર્ષો માટેની સભ્યપદ માટેની મહત્તમ વય મર્યાદા, ૫૫ વર્ષ પર સ્થગીત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.<br>Postage ખર્ચા મર્યાદિત કરવાં, જેઓના પત્ર વ્યવહારના સરનામાં એક જ હોય તેવા સભ્યોને, એક જ કવરમાં DFC નોટિસ મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો.<br>"Financial Planning 25 Years Beyond" સમિતિની રચના ટ્રસ્ટીશ્રી બિહારીભાઇ શાહનાં ચેરમેન પદે કરવામાં આવી, જે ૨૫ વર્ષ પછી, ટ્રસ્ટ પર આવનારી DFC ની જવાબદારી અદા કરવા માટે; ટ્રસ્ટની ક્ષમતા કેળવવાના Planning ની ભલામણો કરશે અને ટ્રસ્ટી મંડળ યોગ્ય ભલામણો પર અમલ કરશે. |
| તા. ૨૪/૧૨/૨૦૦૪:- | ટ્રસ્ટનાં બંધારણનાં સુધારા અંગેની અરજી મંજૂર થઇ. |
| તા. ૦૧/૦૧/૨૦૦૫:- | ૬૧૧ નવા સભ્યો બનાવવામાં આવ્યા. છેલ્લો SKS No. ૧૦૭૧૨ (સક્રિય સભ્ય સંખ્યા ૯૯૦૦) |